જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૭૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૨ કેસ કરી, ૭૨ વ્યક્તિઓને ઝડપી, ૫૭૧ લીટર દેશી દારૂ અને ૦૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૭૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### દુષ્પ્રેરણ :-  સમાચાર યાદી નં.૧૭૮/૧૭

**આનંદનગર** : રમીલાબેન વા/ઓ નટવરભાઈ રાણા (ઉ.વ.૫૨)(રહે, ગામ-બાવળા શુકળ ફળી રામજી મંદીર પાસે તા-બાવળા જી-અમદાવાદ) એ તા.૨૫/૧/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આશરે બે વર્ષ થી તા.૨૦/૦૧/૧૭ રાતના ૯/૧૫ વાગ્યા દરમ્યાન રમીલાબેનની દિકરી નીશાબહેનને તેનાં સાસરીયાઓએ ભેગામળી મેણા-ટોણા મારી, શારીરીક-માનસીક ત્રાસ આપી, આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતાં નીશાબહેને પોતાની સાસરીનાં ઘરે પોતાની જાતે કેરોસીન છાંટી સળગી જઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.ડી.ડાંગરવાલા ચલાવે છે.

**નિકોલ** : માણેકચંદ કેલાસરામધારી મલ્લા (ઉ.વ.૫૮)(રહે.મુ.ગામ : પુરષોત્તમ પટ્ટી પો. કાઝીપુર તા.સિકંદરપુર જી.બલીયા ઉત્તરપ્રદેશ) એ તા.૨૫/૧/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૨/૨૦૧૩ ના એક માસ બાદથી તા.૨૩/૦૧/૧૭ બપોરના ૧/૩૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન માણેકચંદની દિકરી શિલ્પીબહેનને તેનાં પતિ તથા અન્ય સાસરીયાઓએ ભેગામળી દહેજ બાબતે મેણા-ટોણા મારી, શારીરીક-માનસીક ત્રાસ આપી, આત્મહત્યા કરવા માટે દુષ્પ્રેરણ કરતાં શિલ્પીબહેને પોતાની સાસરીનાં ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.ચાવડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૯/૧૭**

**નારણપુરા** : મિથુનભાઇ રામચંદ્ર ભટ્ટ (રહે, સુંદરનગર મનીશહોલની બાજુમા અંકુર રોડ નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧/૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૨૫/૧/૧૭ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન નારણપુરા રામજ્યોત સોસા પાસે આવેલ પોતાની એપોલો ફાર્મસી નામની દુકાનનું શટર કોઇ સાધન વડે ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા ૧,૫૦,૨૨૨/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**વાડજ** : રાજેશકુમાર અમ્રુતલાલ પટેલ (રહે,શંકર સોસાયટી, નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧/૧૭ બપોરના ૧/૦૦ થી સાંજનાં ૬/૩૦ વાગ્યા દરમ્યાન નવા વાડજ ખાતે આવેલ શ્રી ન્યુ વિધા વિહાર ફોર ગર્લસ હાઇસ્કુલની ઓફીસનાં દરવાજાનું લોક તોડી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, રોકડ રૂપિયા ૮૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૦/૧૭**

**શાહપુર** : સાગરભાઇ વરધીભાઇ ભાવસાર (રહે, વસ્તાઘેલજીની પોળ હલીમની ખડકી શાહપુર) એ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૧/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૨૫/૧/૧૭ સાંજનાં ૬/૪૫ વાગ્યા દરમ્યાન શાહપુર હલીમની ખડકી રોડ, એસ.કે.મિસ્ત્રી હાઉસ સામે આવેલ પોતાની જય અંબે મોબાઇલ રીપેરીંગની દુકાનનાં ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- અને એક મોબાઇલ કિંમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦૦/- મતાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી રંગીલા પોલીસ ચોકી નાઓ ચલાવે છે.

**વાડજઃ** અશોકભાઇ રામચંન્દ્રભાઇ અભીચંદાણી (ઉ.વ.૫૪)(રહે.રાજાનંદ ડોલીંગ પાણીની ટાંકી, વડોદરા શહેર) તા.૨૫/૧/૧૭ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે કનક હોટલ ઉસ્માનપુરા ચાર રસ્તા રોડ ઉપર એક ઓટો રીક્ષા (જેનો નંબર ખબર નથી) જેમાં બેઠેલ ત્રણ ઇસમોએ ભેગામળી અશોકભાઇને પેસેન્જર તરીકે રીક્ષામાં બેસાડી, અશોકભાઇની નજર ચુકવી તેમનાં પેન્ટનાં ખીસ્સામાંથી રૂપીયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ અંગેની ફરીયાદ અશોકભાઇ અભીચંદાણીએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગાડીનો કાચ તોડી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૧/૧૭**

**બાપુનગર** : વિજયકુમાર પહેલાજરાય ભેરવાની (રહે. ગેલેક્ષી એપાર્ટમેંટ, ધી ગ્રાંટ ભગવતી હોટલની પાસે, એસ.જી.રોડ, બોડકદેવ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧/૧૭ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે બાપુનગર અનિલ સ્ટાર્ચ મીલ રોડ, સ્વામીનારાયણ મંદિર પાસે પંજાબ નેશનલ બેંકની આગળ રોડ ઉપર આરોપી એક પલ્સર બાઇક ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૨૮ વર્ષના આશરાનો) અને પાછળ બેસેલ સ્ત્રી અને તેનાં બીજા મણતીયા માણસોએ ભેગામળી વિજયકુમાર ને વાતોમાં રાખી, તેમની નજર ચુકવી કારના ડ્રાઇવર સીટની બાજુની સીટના દરવાજાનો કાચ તોડી સીટ ઉપર મુકેલ કાળા કલરની હેન્ડબેગ કે જેમા વિજયકુમારનાં ધંધાના રૂપીયા ૩,૦૦,૦૦૦/- મુકેલ હતા તે બેગની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૮૨/૧૭**

**સોલા હાઇકોર્ટ** : કુલચંદ બાબુલાલ પ્રજાપતી (રહે, સેકટર-૬ જે.જે હોસ્પીટલની બાજુમાં રેલ્વે લાઇનની પાસે ચાણક્યપુરી ઘાટલોડીયા) એ તા.૨૩/૦૧/૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીક પોતાની રૉયલ ઇનફિલ્ડ ક્લાસીક-૩૫૦ મોટર સાયકલ નંબર જીજે.૦૧.એલ.યુ.૧૧૧૧ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૪/૧/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ કુલચંદ પ્રજાપતિએ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રમણજી ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૮૩/૧૭**

**વાડજ** : શંકરલાલ છોગારામ મીણા (રહે.ગામ-કાગદડા, તા-બાલી જી-પાલી રાજસ્થાન હાલ છારોડી અમદાવાદ શહેર) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૧૭ ના કલાક ૫/૩૦ વાગ્યાનાં સુમારે શંકરલાલનાં નાનાભાઇ ભંવર (ઉ.વ.૧૯) નાનો બી.આર.ટી.એસ.બસ નીચે મીકેનીકલ કામ કરતો હતો દરમ્યાન આરોપી બસ ડ્રાઇવર રતનલાલ કેવલજી ચોધરીએ બસ ચાલુ કરી બેદરકારી રીતે હંકારતા, શંકરલાલનાં નાનાભાઇ ભંવરની છાતી ઉપર બસનું વ્હીલ ચડી જતાં, શરીરે ગંભીર ઇજા થતાં ભંવરનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**માધવપુરા** : મોહમદસોએબ હુસામુદ્દીન શેખ (ઉ.વ.૩૧)(રહે.ન્યુ એપાર્ટમેન્ટ, લીંબડી ચોક જોર્ડન રોડ, દરિયાપુર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૧૭ ના કલાક ૧/૫૦ વાગ્યાનાં સુમારે પ્રેમદરવાજા જામનગર ટ્રાન્સપોર્ટ નજીક રોડ પરથી પોતાનાં મિત્ર મહોમ્મદફજીલ નાઓ સાથે સ્કુટર ઉપર પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ટ્રક નંબર જીજે.૨૦.વાય.૬૨૭૨ ના ચાલકે પોતાની ટ્રક દરીયાપુર દરવાજાથી પુરઝડપે અને બેદરકારીપુર્વક ચલાવી લાવતાં, સ્કુટરને પાછળથી ટક્કર વાગતાં, મોહમદસાએબને શરીરે ઇજા થઇ હતી તેમજ તેમના મિત્ર મહોમ્મદફજીલ નાઓનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.નિનામા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૮૪/૧૭**

**કૃષ્ણનગરઃ** પ્રકાશભાઈ હીરાલાલ ભાર્ગવ (ઉ.વ.૨૦)(રહે.ખોડીયાર એપાર્ટમેન્ટ, વિક્રમપાર્ક બંગ્લોઝની સામે, બજરંગ આશ્રમ સામે, હીરાવાડી) એ કોઈ અગમ્ય કારણસર તા.૨૪/૧/૧૭ બપોરના ૩/00 થી તા.૨૫/૧/૧૭ નાં કલાક ૭/00 વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના ઘરે સિલિંગના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)